# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૧૦ ઈબ્રાહિમનાં વિશ્વાસની પરિક્ષા (ઉત્પત્તિ અધ્યાય-૨૨)

જયારે નવુ બાળક જન્મ લે છે ત્યારે દરેકમાં ઉત્સાહ જોવા મળે છે. તેમજ દરેક બાળક કઈક ખાસ હોય છે. હા, આ બાળક ખરેખર કઈક વધારે મહત્વતા ધરાવે છે. જયારે ઈબ્રાહિમ ૧૦૦ વર્ષનો અને તેની પત્ની ૯૦ વર્ષની હતી ત્યારે તેઓને બાળકનો જન્મ થાય છે. તેઓએ તેનું નામ 'ઈસહાક' પાડયું જેનો અર્થ "હાસ્ય" થાય છે. કેમકે સારાહે કહયું કે, ઈશ્વરે મારા હૃદયમાં આનંદ આપ્યો છે. જેઓ જાણસે કે મેં બાળકને જન્મ આપ્યો છે તેઓ મારી સાથે હસસે. કોણ એ વિચારી શકે કે, આવો આશીર્વાદ મને પ્રાપ્ત થઈ શકે.

જયારે ઈસહાક મોટો થયો ત્યારે દેવ ઈબ્રાહિમની પાસે આવ્યા (કદાચ સ્વપ્નમાં) અને કહયું "ઈબ્રાહિમ" તેણે જવાબ આપ્યો "હ્,આ રહયો". દેવે કહયું, "તારો બાળક, તારો એકનો એક ઈસહાક જેને તું ખુબ પ્રેમ કરે છે તેને લઈને મોરીયાહ પહાડ પર જયાં હું તને દર્શાવું ત્યાં લઈ જા અને તેનું દહન્યાર્પણ કર." હાલ આ સ્થળે જરૂસલેમમાં મંદિર આવેલું છે, જેને 'ડોમ ઓફ ધ રોક' તરીકે ઓળખવામાં આવે છે. જે મુસ્લીમોનાં હાથમાં છે. આ પ્રકારનાં બલિદાનને બાઈબલમાં શરૂઆતનાં પુસ્તકોમાં દર્શાવેલું છે. જેમાં હલવાનનો વધ કરવામાં આવે છે અને વેદી પર તેનું દહન કરવામાં આવે છે. આ એક પ્રકારનું ચિહન છે કે, વ્યકિત પોતાનું સંપૂર્ણ બલિદાન ઈશ્વરને માટે કરે છે.

આથી ઈબ્રાહિમ કોઈપણ પ્રશ્ન પુછયા વગર તાત્કાલિક આધિન થાય છે. બીજે દિવસે વહેલી સવારે તે ઉઠે છે અને બલિદાન માટે લાકડાનો જથ્થો કાપે છે. તેને તે ગધેડા પર મુકે છ. અને પોતાની સાથે તેનો દિકરો અને બે નોકરોને લઈને મોરીયાહ પહાડ પર બેરશેબા નામનાં સ્થળે જવા મુસાફરીનો પ્રારંભ કરે છે. તે પહાડ પર જતા તેને ત્રણ દિવસ થાય છે. જયાં ઈબ્રાહિમ પોતાનાં ચાકરોને એમ કહે છે કે, "ગધેડા સાથે તમે અહિ જ રહો. હું અને ઈસહાક જઈને દેવની આરાધના કરીશું. બલિદાન આપીને અમે પાછા આવીશું." આ તો વિશ્વાસનો શબ્દ હતો. કે જેમાં ઈસહાકને તો બલિદાન થવાનું હતુ. ઈસહાકના ખભ્ભા ઉપર લાકડાનો જથ્થો મુકીને ઈબ્રાહિમ છરો લઈને આગળ વધે છે.

જયારે પર્વતનાં ઢોળાવ પાસે તેઓ આવે છે ત્યારે ઈસહાકે ચારે તરફ જોઈને પુછયું "પિતા આપણે લાકડા તથા અગ્નિ લીધો છે, પણ દહન્યાર્પણને સારુ હલવાન કયાં છે ?" ઈબ્રાહિમે તેની તરફ જોઈને કહયું "મારા દિકરા, દેવ પોતાને સારુ દહન્યાર્પણનું હલવાન મેળવશે." અંતે દેવે દર્શાવેલી આજ્ઞા પ્રમાણે દહનાર્પણ ના સ્થળે તેઓ આવી પહોંચે છે.

ઈબ્રાહિમ અને ઈસહાક મોટા પથ્થરો લઈને વેદી બાંધી. ત્યાર પછી અગ્નિ મુકીને તેની ઉપર લાકડાઓની એવી રીતે ગોઠવણી કરી કે જેથી લાકડાઓ બરાબર રીતે સળગી ઉઠે.

ત્યાર પછી ઈબ્રાહિમે દિકરાનાં હાથોને લઈને બરાબર બાંધ્યા અને આખો જ તેને બાંધી દીધો. તમે એ વિચાર માત્રથી ગભરાઈ ઉઠશો કે ઈબ્રાહિમે પોતાનાં જ દિકરાને તે વેદી ઉપર મુકયો હશે ? હવે બલિદાન થનારા હલવાનને જીવતો રાખવામાં આવતો નહિ પરંતુ તેનું ગળું કાપીને તેનાં લોહીને તે વેદી ઉપર રેડવાનું હતુ અને પછી અગ્નિ સળગાવાનો હતો. બધી તૈયારી થતાં ઈબ્રાહિમે પોતાનો છરો ઉગામ્યો. ઈબ્રાહિમ જાણતો હતો કે, દેવે વચન આપ્ય હતુ કે તેની પેઢીઓ ઈસહાકથી જન્મશે. જો પોતાનાં ૧૦૦ વર્ષે અને તેની પત્નીનાં ૯૦ વર્ષે બાળક જન્મે તો તે ચમત્કાર જ છે. તો આ બાળકનું બલિદાન અપવામાં આવે તો દેવનું વચન કેવી રીતે પરિપુર્ણ થાય ? તે ઈબ્રાહિમનો પ્રશ્ન ન હતો. તેની જવાબદારી હતી કે, તે દેવને આધિન થાય. જેવો છરો ઉંચકવામાં આવ્યો કે, આકાશમાંથી દેવનાં દૂતે પોકાર કર્યો "ઈબ્રાહિમ, ઈબ્રાહિમ" આશાવિહોણી પરિસ્થિતિમાં આશાથી ઈબ્રાહિમ પોકારી ઉઠયો, "હું અહિ છું." તારો હાથ છોકરા ઉપર ન ઉગામ અને તેને કઈ થાય નહિ, કેમકે તેં તારા એકનાં એક દિકરાને પણ મારાથી પાછો રાખ્યો નથી તેથી હું જાણું છુ કે, તું દેવથી બિએ છે." જયારે ઈબ્રાહિમે તેનાં મુલ્યવાન દિકરા તરફ જોયું ત્યારે શરમનો ઓછાયો તેનાં પરથી દૂર થયો. ઈબ્રાહિમે ઉંચુ જોતા એક ઝાડવા મધ્યે તેનું ધ્યાન ખેંચાયુ. તેણે જોય કે એક ઘેંટુ ઝાડવાઓમાં તેનાં શીંગડાથી ફસાયેલુ છે. તેણે તાત્કાલિક દિકરાનાં બંધનો છોડયા અને જે વેદી તેઓઅ તૈયાર કરી હતી તેની ઉપર તે ઘેંટાનું બલિદાન આપ્યું. અને ઈબ્રાહિમે દિકરા ઈસહાકને કહયું કે, "આ સ્થળને યાદ રાખ. આપણે તેને 'યહોવા યિરેહ' એટલે 'દેવનાં પહાડ પર પુરુ પાડવામાં આવશે' તેમ કહીશુ. આરાધના પુરી થયા પછી તેઓ પોતાનાં ઘર તરફ જવા રવાના થયા અને બીજીવાર દેવનાં દૂતે ઈબ્રાહિમને કહયું કે, "કેમકે તે મારી આજ્ઞાઓ માની છે હું તને તથા તારા વંશજોને આશીર્વાદ દઈશ. તેઓ આકાશનાં તારા અથવા સમુદ્ર કાંઠાની રેતીની જેમ પુષ્કળ થશે. તારા વંશજો તેઓ નાં વેરીઓનાં શહેરો તથા ભાગોળો કબ્જે લેશે, કેમકે તું મને આધિન થયો છે તેથી તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબો આશીર્વાદિત થશે." (ઉત્પત્તિ ૨૨:૧૮). પછી ઈબ્રાહિમ પોતાનાં દિકરા અને ચાકરોને લઈને ઘરે ગયો.

આ પહાડને 'દેવનાં પહાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. નવા કરારનાં હિબ્રૂઓનાં પત્રનો લેખક આ ઘટના બાબતે કઈક વધુ પ્રકાશ પાડે છે. આ તો દેવ દ્વારા ઈબ્રાહિમની પરીક્ષા કરવામાં આવી હતી. પરીક્ષામાં તે વિશ્વાસથી પાર ઉતર્યો કે જેમાં દેવે તેને માટે છુટકારાનો માર્ગ તૈયાર કર્યો હતો. કેમકે, ઈસહાક એ વચનનો દિકરો હતો. ઈબ્રાહિમે વિશ્વાસ કર્યો કે, તેમનાજ વચનને પુરુ કરવા માટે દેવ તેનાં મરેલા દિકરાને પણ જીવતો કરશે. આથી કહી શકાય કે, ઈબ્રાહિમને તેનાં દિકરા ઈસહાકની જગ્યાએ હલવાન મળ્યું, કે જે તેનાં દિકરાની જગ્યાએ

બલિદાન થાય. (હિબ્રૂઓને પત્ર ૧૧:૧૭-૧૯). ખ્રિસ્ત ઈસુનો ભાઈ યાકુબ, વિશ્વાસની ઈબ્રાહિમની આ વાતને તથા કાર્યને જણાવે છે. તેણે જણાવ્યું કે, ઈબ્રાહિમનો વિશ્વાસ અને તેનું કાર્ય એક સાથે હતા. કેમકે વિશ્વાસ એ કાર્ય વગર અધૂરો છે "યાકુબ લખે છે કે, "આપણા પુર્વજ ઈબ્રાહિમે યજ્ઞવેદી પર પોતાનાં દિકરા ઈસહાકનું બલિદાન આપ્યું તેમ કરીને કરણાઓથી તેન ન્યાયી ઠરાવવામાં આવ્યો. ઈબ્રાહિમનો દેવ પરનો વિશ્વાસ કરણીઓ સાથે હતો. અને કરણાઓથી વિશ્વાસને પુરો કરવામાં આવે છે અન તેથી ઈબ્રાહિમને 'દેવનો મિત્ર' કહેવામાં આવ્યો." (યાકુબ ૨:૨૧-૨૪).

આ કથા એ બાબતની મહત્વતા દર્શાવે છે કે ઈબ્રાહિમ વિશ્વાસમાં કેટલો આગળ વધ્યો હતો. દેવે ઈબ્રાહિમને ઘણી બાબતો કરવા કહયું જેમકે, તેનો દેશ છોડવો. સારાહને પેટે પુત્ર થવો અને વળી પાછો તેને દહન્યાર્પણ તરીકે અર્પણ કરવો કે જે સૌથી મોટી પરિક્ષા હતી. ઈસહાકની આ પરિક્ષાથી ઈબ્રાહિમે દર્શાવ્યું કે, તે દેવ પર અન્ય કોઈપણ બાબતો કરતાં પ્રેમ તથા વિશ્વાસ રાખતો હતો. દેવને ઈસહાકનાં દહન્યાર્પણની જરૂર ન હતી પરંતુ ઈબ્રાહિમનાં સંપૂર્ણ સ્વાર્પણની તે પરીક્ષા હતી. જેવી રીતે ઈસહાકને બદલે દેવે ઘેંટુ પરુ પાડયું તે જ પ્રમાણે આપણાં પાપોને માટે દેવે ઈસુ ખ્રિસ્તને બલિદાન તરીકે આપ્યા.

આ વાત ઉપરથી અ સત્ય બહાર આવે છે કે, ઈબ્રાહિમ દેવની ભવિષ્યની ઈચ્છા ન જાણતો હોવા છતાં દેવનાં વચનો ઉપર વિશ્વાસ કર્યો. ઈબ્રાહિમે વિશ્વાસથી કાર્ય કર્યુ ત્યારે દેવે તેનાં વંશજોને આશીર્વાદ આપવાનો કરાર પણ તાજો કર્યો અને પુરો કર્યો. આ તો ઉત્પત્તિની વાત પૈકીની એક છે જે દર્શાવે છે કે, દેવે પોતાનાં એકનાં એક દિકરા ઈસુ ખ્રિસ્તનુ પહેલાથી જ વિશ્વાસનાં કાર્ય તરીકે બલિદાન આપ્યું.

"કેમકે દેવે જગત પર એટલી પ્રિતિ કરી કે તેણે પોતાનો એકનો એક દિકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તેઓ અનંત જીવન પામે". (યોહાન ૩:૧૬)

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ ઈસહાકની બાબતમાં દેવે ઈબ્રાહિમને કઈ આજ્ઞા કરી ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- તેનું દહન્યાર્પણ તરીકે બલીદાન આપવું, - તો તમે સાચા છો.

પ્ર.૨ ઈસહાકે બલિદાનનાં હલવાન વિશે પુછયુ તે સમયે ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ ધરાવતા ઈબ્રાહિમે શો જવાબ આપ્યો ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- ઈબ્રાહિમે કહયું, "કે દેવ પોતાના સારુ બલિદાનનું હલવાન મેળવશ"- તો તમે સાચા છો.

પ્ર.૩ ઈસહાકને બદલે બલિદાનનો ઘેંટુ પુરુ પાડવા પાછળની મહત્વતા ઈશ્વર દ્વારા કઈ હતી ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- તે તો દેવ દ્વારા તેનાં પુત્ર ઈસુનાં બલિદાનની પ્રતિછાયા રૂપ હતુ, કે જે આપણે બદલે મરાયા – તો તમે સાચા છો.

ઈબ્રાહિમની આ વાર્તા કહવા દ્વારા તમે તમારા મિત્રને પુછો કે, "આ જમાનાના લોકો માટે આ વાર્તામાંથી કયા પ્રોત્સાહનનાં શબ્દો જોવા મળે છે." જવાબ છે કે,દેવ ચાહે છે કે, લોકો તેમને આધિન થાય અને તેમના પર વિશ્વાસ રાખે કે જેથી દેવ તેઓને તેમજ તેમનાં વંશજોને આશીર્વાદ આપે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટ બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછવાનું અને આ સાંભળ્યા પછી તેમના જવાબો આપો. આ ઘટના તમારા મિત્ર સાથે વર્ણવી તેમનાં ઈશ્વર સાથેનાં સંબંધ વિશે પુછો. તેમને પ્રાર્થના કરવા આમંત્રણ આપો.